## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૮ /૨૦૧૯,**
**તા. ૧૫ /૫/૨૦૧૯**

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે શાહપુર અને માધવપુરા વિસ્તારમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની બાંધકામની કામગીરી અનુસંધાને તા.૮/૫/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો માર્ગ ઉપર ચાલતુ ટ્રાફિક ડાયવર્ટ કરવા અંગેનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત શાહપુર દરવાજા બહાર ચોકી ચાર રસ્તાથી ગાંધીબ્રીજ તરફ જતા કસ્તુરબા ગાંધી રોડ ઉપર સ્વ.સરસ્વતી નંદલાલ બોડીવાલા, સ્કુલના મુખ્ય ગેટની સામેના ભાગે (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૩૯૩૫૯,૭૨.૫૭૯૪૭૯) થી બોરડીવાલી ગલીના નાકા (અક્ષાંશ-રેખાંશ :૨૩.૦૩૯૪૭૪,૭૨.૫૭૮૫૪૦) સુધી તથા બોરડીવાલી ગલીના નાકાથી ડાબી બાજુ ખાનપુર રોડ ઉપર રીલાયન્સ ઓટો નામની દુકાન (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૩૯૦૩૭, ૭૨.૫૭૭૫૩૫) સુધી બેરીકેડીંગ કરી સમગ્ર રોડ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

ગાંધીબ્રીજથી શાહપુર દરવાજા બહાર ચોકી ચાર રસ્તા તરફ જતા કસ્તુરબા ગાંધી રોડ કે જે મેટ્રોની કામગીરી દરમિયાન બંધ કરવામાં આવેલ હતો જે રોડ રીસરફેસ થનાર હોઇ જેથી શાહપુર દરવાજા બહાર ચોકી ચાર રસ્તા તરફથી ગાંધીબ્રીજ તરફ જતા તમામ વાહનોએ ગાંધીબ્રીજ તરફથી આવતા કસ્તુરબા ગાંધી રોડ (શાહપુર ચોકીથી ગાંધીબ્રીજ તરફ જતા રોડની જમણી બાજુનો રોડ) નો ઉપયોગ કરવાનો રહેશે.

આ સમગ્ર રોડનો ઉપયોગ ફક્ત શાહપુર ચોકીથી ગાંધીબ્રીજ તરફ જવા માટે કરવાનો રહેશે એટલે કે સદર રોડ વન-વે રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૮/૫/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૪/૫/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૧૪/૫/૨૦૧૯
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના</u> :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા